# મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા વાટા ફળીયા ખાતે ખેડૂત શિબિર યોજાઇ

પંચમહાલ જિલ્લાના અગત્યના પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને વધુ પાકના વધુ ઉત્પાદન મેળવી નફાકારક ખેતી માટે મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા તા.૨૮/૭/૨૦૧૭ ના રોજ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના વાટા ફળીયા ગામ ખાતે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજના હેઠળ તાલીમ શિબિર યોજાઇ હતી.આ શિબિરમાં ૬૦ ખેડૂતોએ ખુબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને તેમને મકાઇની તાંત્રિકતાઓથી વાકેફ કરવામા આવ્યા હતા.

પ્રો.કે.એચ.પટેલ મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) એ મકાઇની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અંગે માહિતી આપેલ હતી. તેમણે અસરકારક નિંદામણ નિયંત્રણ કરવા અને સમતોલ માત્રામાં રાસાયણિક ખાતરો વાપરવા ભાર મુક્યો હતો. ડૉ પી.કે.પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (પ્લાંન્ટ બ્રીડીંગ) એ મકાઇની જાતો અને બીજ ઉત્પાદન અંગે માહિતી આપી હતી. ડૉ.એસ.કે.સીંઘ (પ્લાંન્ટ પેથોલોજી) એ મકાઇમાં આવતા અગત્યના રોગ અને જીવાત નિયંત્રણ અંગેની માહિતી આપી હતી.

ડૉ.ભરતભાઇ ઠક્કર(વિસ્તરણ) એ પ્રથમ હરોળના નિદર્શન અંગેના હેતુ, પાયાની બાબતો, અમલ અને પ્રથમ હરોળના નિદર્શન દરમિયાન ધ્યાનમાં લેવાની તાંત્રિકતાઓ અંગેની માહિતી આપી હતી અને ખેડુતોના પ્રશ્નોનુ નિરકરણ કરેલ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.ભરતભાઇ ઠક્કર એ કરેલ હતુ.

